સુબોધ રત્નમાળા.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

ઇબ્રાહીમ રણછોડભાઇ દેશાઇ.

બહિયલ.

દોહરો.

પ્રિય પતિ પ્રભુ દેવજી, હું પ્રથમ લાગુ પાય,
કૃપા કરો મજ ઉપરે, સુબોધ કાવ્ય રચાય.

અમદાવાદ પાનકોરના નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં

મોતીલાલ ગણપતરામે છાપી.

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૮ ઇ. સ. ૧૯૧૨

કિંમત ૦—૧—૬

સુબોધ રત્નમાળા.

રચી પ્રસિદ્ધ કરનાર

ઇબ્રાહીમ. રણછોડભાઇ દેશાઇ.

- બહિયલ.

દોહરો.

પ્રિય પતિ પ્રભુ દેવજી, હું પ્રથમ લાગુ પાય,
કૃપા કરો મજ ઉપરે, સુબોધ કાવ્ય રચાય.

અમદાવાદ પાનકોરના નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપી.

આવૃતિ ૧ લી   પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૮   ઇ. સ. ૧૯૧૨

કિંમત ૦—૧—૬

આ પુસ્તક મળવાનું ઠેકાણું.

ઇબ્રાહીમ. રણછોડભાઇ દેશાઇ.

પોસ્ટ દહેગામ. મુ. બહિયલ.

એક નકલની કિમ્મત ૦-૧-૬ અને ૧૦૦ નકલ રૂ. ૮-૦-૦

અર્પણ પત્રિકા.

મહેરબાન તથા માનવંતા.

રેવ. એફ. વુડસાહેબ, ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડન્ટ.

મુ. અમદાવાદ.

વિજ્ઞાપના:–

દોહરા.

અમદાવાદ ડિસ્ટ્રીક્ટના, પ્રિય પાળક એફ વુડ;
નિધા કરી મજ ઉપરે, અરજ લેશો આ ઉર.
અખૂટ પ્રીતિ જોઈ આપને, હમેશ કરૂંછુ યાદ;
ખ્રીસ્તનો મહિમા વધારવા, અધિક છો વિખ્યાત.
ઈશ્વર સ્તુતિ ગીતોનો, કીધો ગુંથી મેં હાર;
સુંદર સારો શોભશે, આપ કંઠ મોઝાર.
સુબોધ રત્ન માળાનો, કરશો તમ સ્વીકાર;
આજ્ઞાંકિત દાસ આપનો, માનિશ ખુબ આભાર,
ઓગણીસ્સોને બારમાં, એપ્રીલ તારીખ સોળ;
અર્પુ હેતે આજ તો, ઇબ્રાહીમ રણછોડ.

દેશાઇ.

કાવ્ય કર્ત્તા.

પ્રસ્તાવના.

સંક્ષેપમાં દ્રષ્ટાંતથી દર્શાવુંછું કે, જેમ માળી જૂદા જૂદા રંગનાં પુષ્પ લાવીને સુંદર શોભીતો હાર બનાવે છે, તેમજ મેં ઇશ્વર સ્તુતિ પુષ્પ અને રંગરૂપી જૂદા જૂદા પ્રકારના નવીન દેશી રાગો પસંદ કરી મધુર ગાયન બનાવ્યાં છે. તથા તેમની ઉપર રાગ મૂકી ઓળખાવામાં આવ્યાં છે કે જેથી ગાનારને બરોબર ઢબ બંધ તથા તાલ પ્રમાણે ગાવાની વધારે સુગમ પડશે. ગાયનના સાધનથી મનુષ્યના સ્મરણમાં જેવી રીતે કોઈ પણ વસ્તુ રહે છે. એવી રીતે બીજા કશાથી રહેતી નથી પૂર્વના કેટલાક વિધિસ્થાપકોએ તેમના વિધિ (કાયદા) કવિતારૂપે રચ્યા હતા. તેમજ પ્રાચીન કાળના ગણાક ઇતિહાસ પણ પદ્યાત્મક હતા. ગાયનને મનોરંજક વાજીંત્રની જો મદદ હોય તો તેના નાદથી આપણું અંતઃકરણ પિગળીને આનંદમય થાય છે. સારાંશ ધર્મસિદ્ધાંતની અસર મનપર બેશાડવાનાં જે સાધનો છે તેમાં એક ગાયન છે. એજ કારણથી પ્રાચીન ધર્મ વ્યવસ્થામાં ઇશ્વર ભજનને સમયે ગાયન તેમજ વાજીંત્રોના નાદ ચાલતા હતા. મુસાએ નિયમ શાસ્ત્ર રચ્યું એટલુંજ નહિ પણ સર્વ યહુદી માણસોએ ગાવાં જોઇએ એવાં ગીત રચ્યાં હતાં.

સદરહુ હેતુ પાર પડે ને ભક્તિકાર્યમાં આ પુસ્તકમાંનાં ગીતો ઉપયોગી થાય માટે મેં રચી બહાર પાડ્યાં છે. ને તેમાં ધર્મ નિતિના વિષયો ગોઠવી બોધરૂપી શીખામણ વાણીનો ખાસ વધારે વિસ્તાર કરીને મનોરંજક મધુર ગાયન રચ્યાં છે. વળી જે રાગો વિધર્મી લોકોમાં ભાવતા અને ગાનારને ઉમંગ ચઢે તેવા નાટકના

દેશી રાગમાં આ સુબોધ રત્નમાળાનાં ગાયન રચ્યાં છે વળી પાછળના ભાગમાં થોડા છપ્પા નાંખ્યા છે કે જેથી શ્રોતાજનોના અંતઃકરણમાં ખાત્રી થાય કે તારણ ઇસુખ્રીસ્તથી છે ને બીજા બધા વ્યર્થ ઉપાયો છે. એવી લાગણી કરી છે. આથી મારા પ્રિય ખ્રિસ્તીભાઇ બેનોને બહારના લોકોની આગળ ગાઇને ઉપદેશ કરવાના કામમાં ખાસ હથિયાર રૂપ થઇ પડશે. આથી મારો પરીશ્રમ સાર્થક થાય એવી આસા ઉપજે છે. અને મારી પ્રાર્થના છે કે પ્રભુ મારો હેતુ ફળવંત કરી પાર પાડે અને આ ગીતો દ્વારા ઘણાઓને આત્મિક લાભ પમાડે તેમજ ઇશ્વર પોતાની અખૂટ આશીશની વૃષ્ટિ ગાનારના અંતઃકરણમાં સદા સર્વ કાળશુધી વરસાડે એવી મારી દિન પ્રાર્થના છે. આમીન.

બહિયલ. ઇબ્રાહીમ રણછોડભાઈ, દેશાઈ.

તા. ૨૯ એપ્રીલ ૧૯૧૨ કાવ્ય કર્તા.

ગાતોનું સાંકળિયું.

સુબોધ રત્નમાળા.

(૧) મદદ માટે ઇશ્વર સ્તુતિ.

(રક્ષ ભુપ જ્યૉર્જને તું હે જગતપતિ એ રાગ).

દાસ પરે દયા કરોને, હે સૃષ્ટિ પતિ;
નમી નમી અરજ કરૂછુ, આપો સુમતિ. દાસ. ટેક.

મુજ અબળાને જ્ઞાન, શકિત આપ પ્રભુ અતિ;
પહોંચી નવ શકેજ, માધુરી લગુ મતિ. દાસ. ૧

નથી પઢયો પીંગળના પાઠને કદી;
નથી દીઠી ડિક્ષનરી, શું કહું કથી. દાસ. ૨

જેમ પતિવ્રતા નારી, ચાહે છે પતિ;
એવી રિતથીજ હુંતો, ઇચ્છુ શુભ મતિ. દાસ. ૩

તુજ મહિમાને માટે, સ્હાય કર વિશ્વપતિ;
વાસ સુબોધ રત્નમાળાની, પ્રસરે તો અતિ. દાસ. ૪

---

(૨) ત્રણે અવસ્થા ખાલી ખોઇ.

(મનુષ્યાતને એ રાગ.)

બાળાપણુ ખેલમાં ખોયું, મનડું રમતને મોયું;
પણ પાછું નવ જોયું, કદી જીંદગી ભાગીરે.

માનવીયો કોઇ માનો, જરા મારૂં કહ્યુંરે;
મારૂં કહ્યુંરે તપાસો જરીરે. માનવીયો. ટેક.

શું જોબન જોઇને ફાલ્યા, મોજ મજામાં માલ્યા;
મનને ગમે તેમ ચાલ્યા, દેવથી નહિ ડર્યારે. માનવીયો. ૨

એમ કરતાં વૃદ્ધપણું આયું, તોય પ્રભુ ભજન ના ભાયું;
આયુષ ખાલી ગુમાયું, જગનું સુખ ચહીરે. માનવીયો. ૩

ઝટ આઓ ઇસુ પાસે, કરો ખરો વિશ્વાસે;
પુરી થશે તમ આશે, તારણ મુક્તિ તણીરે. માનવીયો. ૪

ખરો છે ઇસુ ત્રાતા, જીવનનો છે એ દાતા;
પ્રેમના પ્યાલાતો પાતા, સૌને હેત કરીરે. માનવીયો. ૫

જો તારણ ઇચ્છા કરો, તો ઇસુની ગમ ફરો,
જોઇ જોઇને પગલાં ભરો, મારા પ્રિય જનોરે. માનવીયો. ૬

હજુ ચેતો નર નારી, સૌને કહુંછું પોકારી;
આ શીખ માનીલ્યો સારી, સર્વે શ્રોતાજનોરે. માનવીયો. ૭

---

(૬) મરી જાવું.

રાગ ઠુમરી.

મરી જાવું, મરી જાવું છે છોડીને, ધન ધામનેરે. મરી જાવું ટેક.

કાયા પાણીનો પરપોટો, જેવો જાય ધુણીનો ગોટો;
ખેલ રચ્યો એમ ખોટો, ખોટા માનનેરે. મરી જાવું૦ ૧

કાળ છોડે નહી લખપતિને, જોશી જોગી કે વૈદ્ય સતિને;
માટે રટીલે ખ્રીસ્ત ઇસુના, નામનેરે. મરી જાવું૦ ૨

જગમાં આવી શું તું કમાયો ? તુજ કર્ત્તાનો ગુણ ન ગાયો;
ડાહ્યો થઇ દંડાયો, મૂર્ખ જાણનેરે, મરી જાવું૦ ૩

ગ્રહણ કરી લે બોધ આ સારો, ઇસુને તો કરી લે તારો;
એ છે સૃષ્ટી તારણ હારો, માનનેરે. મરી જાવું૦ ૪

---

(૪) અંતનો બેલી ઇસુ.

રાગ ધુન.

પ્રભુ ઇસુ સંતના, બેલી મારા અંતના;
એ છે સાચા અંતના, પ્રભુ ઇસુ સંતના. ટેક.
સ્વર્ગ ભુવનથી આવીયા, અધમ ઓધારીયા. પ્રભુ૦ ૧
પાપી માટે આવીયા, મારે મન ભાવીયા. પ્રભુ૦ ૨
ખોવાએલા ખોળે છે, પ્રીતિથી એ વ્હોરે છે. પ્રભુ૦ ૩
સુબોધને આપે છે, નીતી પંથે સ્થાપે છે. પ્રભુ૦ ૪
સત્યતા શીખાડે છે, દુર્ગુણ સરવે કહાડે છે. પ્રભુ૦ ૫
મેં તો એમને માનીયા, ભૂલે મૂઢ પ્રાણીયા. પ્રભુ૦ ૬
ઇસુ દેવ રૂપ છે, ભક્તનો એ ભૂપ છે. પ્રભુ૦ ૭
ખ્રીસ્ત મારી પાસેથી, દુર ના રહેશો દાસથી. પ્રભુ૦ ૮

---

(૫) પ્રાર્થના.

(પ્રભુ ભજ તારણદ પતિતોને એ રાગ.)

પ્રભુ આજ પ્રાર્થના સુણોને અમારી, પ્રાર્થના સુણોને અમારી;
પ્રભુ આજ પ્રાર્થના સુણોને અમારી. ટેક.
અમો દોષીત સૌ વાતે ભારી, માફ કરો તમ નિહાળી. પ્રભુ૦ ૧
ભુંડાઇ ભાગ મલિનતાને કહાડી, સુબુદ્ધિ આપો સારી. પ્રભુ૦ ૨
આપની પ્રીતી અમો પર ધહાડી, કોઇને મુકતા નથી કહાડી. પ્રભુ૦ ૩
આત્મિક વસ્તુ અમોને પમાડી, શાંતિ આપો સુખકારી. પ્રભુ૦ ૪
અમો વિશ્વાસ ધીરજ મન ધારી, વિનંતી કરીએ છીએ તમારી. પ્રભુ૦ ૫

---

(૬) તારૂ કોઈ નથી.

રાગ બિભાસ.

પ્રાણી કહ્યું માન્ય મારૂ, નથી કોઇ તારૂ;
નથી કોઇ તારૂ મીથ્યા, માની બેઠો મારૂ. પ્રાણી. ૧

સગાં વહાલાં બેન ભાઇ, જુઠી એ સર્વે સગાઇ;
સાથે કોઇ નહિ આઈ, નથી કોઈ તારૂં પ્રાણી. ૨

આ જગનું સુખ કેવું, ભીક્ષુતોના સ્વપ્ન જેવું;
ઉડી જાય રંગ તેવું, નથી કોઇ તારૂં. પ્રાણી. ૩

મોટા મોટા ગયા મરી, જેની તો દવાઇ ફરી;
રાજપાટ રહ્યાં ધરી, નથી કોઇ તારૂં. પ્રાણી. ૪

માટે ભજીલે તું ત્રાતા, ખ્રીસ્ત વિના નથી દાતા;
શું ફરે છે મદમાતા, નથી કોઇ તારૂ. પ્રાણી. ૫

(૭) ઢોંગીઓના મિથ્યા વેશ.

રાગ સિહાનો કનરો.

માનો શીખામણ નરનેઓનારાં, જુકોંદો વેશ કાયા તો વિચારી. ટેક.
કોઇ રાખે જટા, કોઇ રાખે દાઢી; કોઇ તો મુંડ મુડાવે કેશ કહાડી. માનો. ૧
કોઇ ખોજે તનમાં, કોઇ રહે વનમાં; કોઇ શ્વાસ ચઢાવે ગગનમાં. માનો. ૨
કોઇ ચોળે ખાખ, કોઇ ફરે નંગા, કોઇ નાવા જાય રેવા, ગંગા. માનો. ૩
કોઇ ફરે ભગવું, ત્યાગી થવા સારૂ કોઇ ટીલું કરે ઉભુને આડુ માનો. ૪
આ સાધન નિષ્ફળ સબ જાવે; દેખા દેખી લોક કષ્ટ ઉઠાવે. માનો. ૫
જુઠ ઠગાઇ, કપટને હરને; સાતશાસ્ત્ર બોધ શ્રવણ કરને. માનો. ૬
ચેત હજુ નર, અચેત અંધા; ઉંધા લેઇ બેઠો શુંયે ધંધા. માનો. ૭
ઢોંગ તજી પ્રભુ, શરણે તું જાને; અહોનિશ એના ગુણ તું ગાને. માનો. ૮

(૮) ઈસુની સહનતા.

(દશા આ શી થઇ મારી એ રાગ).

સ્થિતિ આ શી બની તારી; લાગે છે દુઃખ મને ભારી. ટેક.

સાખી.

સ્વર્ગ તણો તું રાજવી, આવ્યો આ જગમાય;
મજ અધમને તારવા, આવી ઝાલી મુજ બાંય.

પ્રીતિ કીધી શીર સાટે, મુઓ પ્રભુ મન્જને માટે. સ્થિતિ આ. ૧

સાખી.

કંટક મુગટ શિર ધરી, વેઠયો બહુ તુંકાર.
નિરદોષી દોષીત ઠરી, ખાધો વિધ વિધમાર.

હાથે પગે જડયા ખીલા, નીકળ્યા તને લોહીના રીલા. સ્થિતિ આ. ૨

સાખી.

ભાલે હૈયું વિંધાયું, દુઃખ સહ્યું અપાર;
મુજ પાપીને તારવા, થઈ ગયો સંહાર.

ભુલુ કેમ હું તને ઘડી, ગયો મજ માટે તુ મરી. સ્થિતિ આ. ૩

---

(૯) ઇસુ શરણમાં રહેવું છે.

(થયાછોરે પતિ તેજ પ્યારાતંનના એ રાગ).

રહેવું છેરે સદાહ ઇસુશરણમાં, મારે જરૂર હજુર. ટેક.

હાંસી મશ્કરી ખ્રીસ્તને લીધે, સહું અતિ ભરપુર;
મારૂ આ સ્થુળ, થઇ જાય ધુળ, નવ રહું દુર, ઝાલું ધર્મ મૂળ,
ઇસુ માટે હુંતો શિરમારૂં આપુ, રહેવું છેરે. ૧

ઇસુ પાસેથી આત્મિક વસ્તુ, હુંતો લેવ વ્હોરી;
છે બહોળી, બહુ ફોળી, લેવખોળી, નથી મોળી,
પ્રભુ તમને મારૂં તનમન અર્પુ, રહેવું છેરે. ૨

લેખ લખ્યામેં ઇસુની સાથે, હવે નહિ રહું દૂર;
વારે આઓ, દયા લાઓ, કરૂદાઓ, લેવલાઓ,
ઇસુ આપ શરણમાં સદા મને રાખો, રહેવું છેરે. ૩

(૧૦) નવા વર્સ માટે ઇશ્વર સ્તુતિ.

રાગ કલ્યાણ.

એ પ્રભુ કૃપાનિધિ મુજ, વારે વ્હેલા આવજે;
આ નવાજ વર્ષમાં જ્ઞાન, શક્તિ વધારજે. એ. ટેક.

અખૂટ ઉમદા આશીશ, મુજને પમાડજે;
દીર્ઘકાળ આપીને પ્રભુ, ઘણું ઘણું જીવાડજે. એ પ્રભુ. ૧

સદગુણી થવાને માટે, સુબુદ્ધિ સારી આપજે;
અહોનિશ ઇશ રક્ષા કરી, દુઃખ દારીદ્ર કાપજે. એ પ્રભુ. ૨

અંગમાં ઉમંગ લાવી, તુંજ ગુણ ગવાડજે;
જીવનના ઝરણુમાં, જરૂર નવડાવજે. એ પ્રભુ. ૩

સર્વ સમયમાં સહાય કરી, કામ સફળ કરાવજે;
તુજ મહિમાને માટે પ્રભુ, ડગલાં ભરાવજે. એ પ્રભુ. ૪

જુનાપણું કહાડી નાંખી, નવાપણું આપજે;
દિન દિન ચઢતી સ્થિતિમાં, દાસને તું સ્થાપજે. એ પ્રભુ. ૫

---

(૧૧) આંખ્યો ક્યાં ફુટી.

રાગ ગરબી.

(ગોળી ફોડીરે ગોળી ફોડી જુઓ જસોદા એ રાગ.)

આંખ્યો ફુટીરે ક્યાં આંખ્યો ફુટી, જોને ગમાર ક્યાં આંખ્યો ફુટી.ટેક.

અધમ કમાઇને ઢગલા તેં વાળ્યા, સાથે નહિ આવે કોડી ખોટી. જોને. ૧

પ્રભુઅર્થે તો પાઇ ના ખર્ચી, બડાઈ મારે છે શાની મોટી મોટી જોને.
ચાડીઓ કરવા ચોરે જાએ છે, અંતે આવશે તારી વેળા ખોટી. જોને. ૩
ગર્વ અભિમાન શીદ કરે છે, ખોળે નહિ જડે કંઈ તારી ત્રુટી. જોને. ૪
હજુ આવીજા ઇસુને શરણે, આત્મિક ધન તું તો લેને લુટી. જોને. ૫
બંદગી કરી લે તુજ કર્ત્તારની, તેથી જશે તું તો પાપથી છુટી. જોને. ૬

---

[૧૨] ગેથસેમામાં ઇસુ.

(સુંદર સામળીયા નામ જપીસ નિત્ય તારૂં એ રાગ).

જયજય ખ્રીસ્ત દયાળુ તેં બહુ પ્રીત કરી, આ જગમાંહે આવી
દુઃખડાં લીધાં હરી. ટેક.

ગેથ સેમામાં આવ્યો એ જ્યારે, દુઃખ લાગે છે એને અધિક અપારે;
પ્રાર્થના કરેછે ઇસુ વારંમવારે, ઓ દેવ મજને ઉગારો, તમ
ઇચ્છા તેમ કરી. જયજય. ૧

શિષ્યોને શીખ આપે ઇસુ નાથે, ના ઉંઘશો ઓ મારા ભ્રાતે;
શત્રુ આવે જુઓ ઉભી વાટે, આવ્યો યહુદા સિપાઇ સાથે સલામ
કુડમાં કરી. જયજય. ૨

એકદમ ઝટ પકડી લીધો, ચોર લુંટાળા જેવો કીધો;
શિષ્યોએ એને તજી દીધો, તો પણ એ નવ બિધો, મરણ માટે
જરી. જયજય.

કાંટાનો મુગટ મુકયો શુંથી, તુજને ભર્યો પ્રભુ તેઓએ થુંકી;
મ્હો પરમારી ધણી તને મૂકી, કેમ જઉ એ હું ચુકી, હે મારા
પ્રિય ધણી. જયજય. ૪

વધ સ્થંભે ચઢી લોહી વેવાડાયું, ભલાથી હૈયું તેંતો વિંધાયું;
અધિક ઘણું પ્રભુ કષ્ટ ઉઠાયું, મજ માટે બધુંએ કરાયું, પાપીની
વારે ચઢી. જયજય. ૫

---

[૧૩] ખ્રીસ્તને સેવો.

નારાચ છંદ.

કલંક ભાર ટાળવા, કૃપા કરી ખ્રીસ્તે ધણી,
પાપીનો દંડ વાળવા, જોયું મનુષ્યની ભણી;
અનાથની વારે ધઇ થયોજી વનનો ઝરો,
અખંડ ખ્રીસ્તની સદા, જરૂર સેવના કરો. ૧

હતા પડેલ પાપમાં, જવાના નાશમાં વળી,
અમો અધમ કારણે, ખચીત ગયો તે મરી;
એનેજ ભજવા થકી, સંસાર સાગર તરો,
અખંડ ખ્રીસ્તની સદા, જરૂર સેવના કરો. ૨

જીવન ખ્રીસ્તથી મળે, ભરોસો તે તણો કરો,
ચોરી જારી કપટથી, સદાય દેવથા ડરો;
તન મન ધન સોંપી, ઇસુને સવે તો વરો,
અખંડ ખ્રીસ્તની સદા, જરૂર સેવના કરો. ૩

અરોજ દેવ જીવતો, ઇસુ વિના નહિ અંજ.
કલંક બોજ એ વિના, બીજા કોઇથી નૈટળે;
એનેજ ભજવા થકી, જીવનનું દાન મળે,
અખંડ ખીસ્તની સદા, જરૂર સેવના કરો. ૪

---

(૨૪) કાયા કાચુ સ્થુળ.

(અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશે એરાગ)

અરે આ કાયા કાચુ સ્થુળ, ઘડીમાં પડી જશેરે;
જેમ ઝાકળ કેરૂં નીર, જોતામાં ઉડી જશેરે.
ઘડીમાં ટળી જશેરે. અરે આ ૦ ૧

સાખી.

આતસ બાજી જોઇને, મનમાં ખુબ મકલાય;
દિશે બહુ રળિઆમણી, પલમાં ફને થાય.
જેમ ખીલ્યુ ફુલ કરમાય, તેમ આ કાયા ધુળ થઇ જાય. અરે આ. ૨

સાખી.

માટે અગવ તપાસજે, અને કરજે શુદ્ધ વિચાર;
ચેતી વહેલો બાંધજે, પાણી પહેલાં તું પાળ,
જા જા તું ખ્રીસ્ત દરબાર, પ્રાણીયા શીદને કરે છે વાર. અરે આ૦ ૩

સાખી.

શરણે જા તું ખ્રીસ્તને, એ છે દિન દયાળ;
પાપીપર પ્રીતિ કરે, એવો તારણ હાર.
શું ભુલ્યો ૫ રેછે ગમાર, તુંજને પડશે અંતે પેંજાર, અરે આ. ૪

(૧૫) પવિત્રતાથી ઇસુનો જન્મ.

રાગ ધનાશ્રી. પદ

(જય જય ખ્રીસ્ત દયામય સ્વામી એ રાગ)-

ધન્ય ધન્ય ખ્રીસ્ત પ્રીતી ખુબ તારી ટેક.

પશ્ચિમ દેશ યહુદા માંહીં, દાઉદ કુળમાં નારી;
સત્ય કારી શુદ્ધ હતી એ બાઇ, મરિયમ નામે કુવારી. ધન્ય ધન્ય૦ ૧

પવિત્ર આત્મા એ પર ઉતર્યો, કૃપા પામીએ નારી;
માનવ રીત એમાં નહિ ભાઈ, સત શબ્દે ગર્ભ ધારી. ધન્ય ધન્ય૦ ૨

ઇશ્વર સુત આ જગની માંહી, શબ્દ રૂપે આપ આવ્યા;
ગુપ્ત જ્ઞાન પ્રગટ દેખાડી, અચેતજન ચેતવ્યા. ધન્ય ધન્ય૦ ૩

પાપી માનવને દેખી ઇસુએ, પ્રીત કીધી બહુ ભારી.
જગ તારવા જગે વાસ કરીને, રાંક બન્યો લાચારી. ધન્ય ધન્ય૦ ૪

---

(૧૬) મનને બોધ.

રાગ વેરાડી ઠુંમરી.

થા, થા, થા, શરે થા, ખ્રીસ્ત શરણ મન થારે થા. ટેક.

ભવમાં જે ભટકે અધર એ લટકે, ફરે અંતે એ ર ર ર ર, થા, થા, થા૦ ૧

કાચી કાયા વાદળીની છાયા; વેરાએ ઝટ ફ ર ર ર ર, થા, થા, થા, ૦ ૨

આતસ બાજી ના યવરાજી; ઉડે અગ્નીથી શ ર ર ર ર થા, થા, થા૦ ૩

પીપળ પાનુ દેહ એવી માનુ; ખરી પડે એ ખ ર ર ર ર થા, થા, થા,૦ ૪

ખ્રીસ્ત છે ત્રાતા જીવન દાતા; કરૂ નિત્ય તેનું મનન ન ન થા, થા, થા,૦ ૫
ભલા દયાળુ છે કૃપાળુ; શું કરૂ એનું વર્ણન ન ન ન. થા, થા, થા૦ ૬

---

(૧૭) ઉત્પત્તી વિષે.

(ગાડી આવી ગુજરાત એ રાગ)-

સાંભળો ઉત્પતી તણી વાત, સૃષ્ટિ કેવી રીતે ઉપાઇ,
કર્તા તો ચતુરશું જાણુ, એણે ખરી યુક્તિ રચાઇ. ટેક

પ્રથમ અજવાળું કર્યું, સુંદર એનું તેજ;
જળ વચ્ચે અંતરીક્ષથી, આકાશ ઠરાવ્યું એજ। સૃષ્ટિ ૧

પાણી હઠાવી પૃથવી કરી, બહુ શોભીત જણાય;
સમુદ્ર ઘાસ વનસ્પતિ, એતો ત્રીજા દિવસમાં ગણાય. સૃષ્ટિ. ૨

પછી સુરજ ચંદ્ર બન્યા, અગણિત તારા દેખાય,
જીવ જંતુ પક્ષી થકી, સમુદ્ર પૃથ્વી તો ભરપુર થાય. સૃષ્ટિ. ૩

ગ્રામ પશુ વનનાં પશુ, સર્વે બન્યાં આ વાર;
સૌથી છેલું માણુસ ઘડયું, એમાં ભુલ નથીરે લગાર. સૃષ્ટિ. ૪

સાતમે દિને સ્વસ્થ રહી, લીધો આરામ આ વાર;
આશિર્વાદ એને દઇ, પવિત્રતો ઠરાવ્યો રવિવાર. સૃષ્ટિ. ૪

શબ્દ વડે સર્વે રચ્યું। સકળ વિશ્વ વૈરાટ;
ગણુતાં પાર ન પામીએ, દેવે ઠીક બનાવ્યો ઠાઠ. સૃષ્ટિ. ૬

---

(૧૮) આત્મિક કમાઇ.

રાગ ઝુલતા.

રેવ્હોરશું આત્મિક સાચાં ધરાંણાં, અમે સ્વર્ગી કમાયો કમાંણાં રેવ્હોરશું ટેક.

પ્રેમ આનંદને શાંતિ સહનતા, માંયાળુ ભલાઇનાં ગઇશું ગાંણાં;
વિશ્વાસ, નમ્રતા, સ્વદમન ખરીદતાં, એસતાં નથી કાંઇ નાંણાં. રેવ્હોરશું ૧

શિરિલ છોકરો, બાઇ પર્પેટુઆ, ઇશુ સાથે પ્રીતિમાં બંધાણાં;
પુત્ર પિતાથી ઇસુને ચાહે છે, એનાં ઇતિહાસમાં પ્રમાણાં. રેવ્હોરશું. ૨

ન્યાયી યાકુબને સ્તેફન આપલોનિઆ, ઇસુના માટે મરાંણાં;
સાંકતસ, મેત્રાસ, પાઉલબ્લાંદીના, જઇ સ્વર્ગી તે શાહેરમાં ઠરાંણાં. રેવ્હોરશું ૩

---

(૧૯) અચેતને ચેતવણી.

ટોટક છંદ.

જવુંરે જરૂરે ધન ધામ તજી, ગયા લાખ કરોડને જશે હજી;
સુરવીર થઇને તો જે ફરતા, દીઠા મસાણમાં એમને બળતા. ૧

મોટા મોટા મહિપતિ ગયા મરી, ચક્રવેરાજ જેની દવાઈ ફરી;
દિન દિન આયુષ ઘટે તમારૂ, મિથ્યા સુખને શું મોહિ રહ્યા મારૂં. ૨

આ દુનિયાં મહી સહુ ઠાલાં થોથાં, ગમ વિના ઘણા તો ખાય છે ગોથાં;
ઝટ ચેતી હજુ સત શાસ્ત્ર સજો, જગ લાજ તજી સદા ખ્રીસ્ત ભજો. ૩

સંસાર તણુંજ સુખ સ્વપ્ન ગણો, એને વળગી રહેતો નિશ્ચે મરો.
માટે જગ તણું તમે દુઃખ સહો, પણ તાળકને વળગીજ રહો ૪

---

(૨૦) ઇશ્વરના ઉપકારો.

પદ રાગ ઊંચા.

ઇશ્વરના ગુણ ગાઈ, લ્યો લ્હેલા લ્હેલા;
એનો મહિમા કરો પ્રથમ, પહેલા. ઇશ્વરના. ટેક.

સુંદર કાયા સારી બનાવી, હાથ પગ કેવી રચના રચાઇ;
સૌની આંખ્યો અમૂલ્ય ઠરાવી. ઇશ્વરના ગુણ. ૧

ચંદ્ર સુરજને અગણિત તારા, રક્ષા સૌની એ કરનારા;
તમે પ્રભુને મન છો વ્હાલા. ઇશ્વરના ગુણ. ૨

અન્ન પાણી આપી છે હવા, ભેંસ ગાયને દહીં દૂધ દેવા;
બનાવી છે મીઠાઇ બહુ મેવા. ઇશ્વરના ગુણ. ૩

આવા સરજન હારને ભુલ્યા, જડ પદાર્થ જોઇને ફુલ્યા;
ધણી વિના થઇને શું ફુલ્યા ઇશ્વરના ગુણ. ૪

હજુ રટી લ્યો જગ વારસી, હાથ આવી જાએ છે બાજી;
ગુણ ગાઓ પ્રભુના ગાજી ગાજી. ઇશ્વરના ગુણ. ૫

---

(૨૧) ઈસુને ભજો ભાવે.

રાગ ગોડી.

ઇસુ ગુરુની બલીહારી માનો ભાઈ, ઈસુ ગુરુની બલીહારી. ટેક.

સંશય સિંધુ માંહી હુતો તણાતોરે, ઇસુએ લીધો છે ઉગારી;
બોધ અથાહ દીધો સમજાઇરે, વેમ દીધા સો નીવારી. માનો૦ ૧

કરો તેની પ્રીત અંગ રંગ લાવીરે. દુર્ગુણ મુકોને ટાળી;
બુદ્ધ તારકને જાણી પકડચોરે, શાંતિ આપે સૌને સારી. માનો૦ ૨
ખળ બુદ્ધિમાં આયુષ ગુમાયોરે, તારક વિન ભયારે ખુવારી;
આવ્યા જગતમાં શુભ આશ ધારીરે, અંતે ગયા સર્વ હારી. માનો૦ ૩
પ્રાર્થના સભામાં ભાગ ન લીધોરે, મનમાં મોટમ ધારી;
કઠોર કબુદ્ધિ કદી નવ મૂકીરે, શી ગતિ થશે તમારી. માનો૦ ૪

---

(૨૨) દુઃખી પર ઇસુની દયા.

રાગ લાવણી.

પાપી માનવને દેખી ઇસુએ, દયાની દ્રષ્ટી તેણે કરી;
કષ્ટ સરવનાં નષ્ટ કરવા, ઇસુખ્રીસ્તેતો દેહ ધરી. ૧

નાઇન નગરને રસ્તે ચાલતાં, વીધવાનો વિલાપ દીલ ધરી;
મુએલા બાળને હાંક મારીને, તરત દીધો ત્યાં બેઠો કરી. ૨

જન્મ અંધાને લોચન દીધાં, આંખ્યો નિર્મળ શુદ્ધ કીધી;
ભુખ્યા મનુષ્યને ભોજન આપી, સૌની બરદાસ એણે લીધી. ૩

અપંગ જનને કીધા ચાલતા, એવાં કામો અગણિત કીધાં;
રોગી દુખીની અર્જ સુણીને, સૌનાં દર્દ તેણે માથે લીધાં. ૪

અનંત જીવનનું દાન દેવા, બોધ દીધો ગામો ગામ ફરી;
શેતાની રાજ્યનો નાશ કરવા, પાપ જગતનાં લીધાં હરી. ૫

મહા દયાળુ ઇસુખ્રીસ્ત છે, એને ભજી લ્યો ભાવ કરી;
એથી પોંહોંચી જાવ સ્વર્ગી શહેરમાં, સંસાર સમુદ્ર તમે તરી. ૬

(૨૩) ખ્રીસ્ત ઇષ્ટ દેવ છે.

આહરી છંદ.

ખ્રીસ્ત ઇષ્ટ દેવ છે;
એ વિના બીજા બધા મલિન દેવી દેવ છે;
ખ્રીસ્ત તિર્થ રૂપ છે;
ભક્તનો એ ભુપ છે;
એ જરૂર સંતનો ઠરવાનો વિશ્રામ છે. ૧

ખ્રીસ્ત પ્રીતિનો ઝરો;
રેમથી ભરેલ એ કદી નહી કરે પરો;
આસ ખ્રીસ્તની કરો;
અન્ય દેવને હરો;
એક દેવ સેવ એમ જાણીને સર્વે કરો. ૨

જડ દેવલાં અતિ;
ખ્રીસ્ત વિના કામ સ્વર્ગમાં સરે નહિ રતિ;
ખ્રીસ્તની મહા ગતિ;
મોટા સૌથી છે અતિ,
જોયુ શાસ્ત્ર ગ્રંથમાંજ મેં ગોતિ મથી અતિ. ૩

(૨૪) મૂર્ખની મૂર્ખાઈ વિશે.

રાગ ગરબો.

(ગોકુળ આવોને વ્હાલા એ રાગ.)

મૂર્ખ તો મૂરખાઇમાં હરખાય, સમજણ વિના તો સુખ નહિ થાય. ટેક.

સાખી.

ખળને ખુબ ખવરાવીએ, ઓખળ ટેવ નહિ જાય;
ઘાસ ચારો પડતો કરી, નર્ક ખાવાને ધાય.
એનો જાતિ સ્વભાવ નહિ જાય. મૂર્ખ તો० ૧

સાખી.

શ્વાન સ્વભાવ તજે નહિ, અનેક કરીએ ઉપાય,
સારા ભુંડાને ભસે. વળી કરડી કોઇને જાય.
પોતાનું ઓકેલું ખાય. મૂર્ખ તો० ૨

સાખી.

ઘુવડતે ભણાવીએ, ભાષા નહી પલટાય;
બોલી બોલે કારમી, કોઇને નહિ હવાય.
શીખવનારા તો થાકી જાય. મૂર્ખ તો० ૩

સાખી.

આવા મૂર્ખ જીવને, બહુ કહે શું થાય ?
શીખ સારી નહીં સાંભળે, ઉલટો લડવાને ધાય.
એવા નર તો નર્કમાં જાય. મૂર્ખ તો० ૪

(૨૫) ઇસુ વિના ખરો મિત્ર નથી.

નથી જગતમાં સાથ સંબંધી એ રાગ.)

નથી અતનો યાર ખલકમાં, વિના ઈસુખ્રીસ્ત નાથ;
તું સાંભળ સાચી વાત મૂર્ખા, સાચો એ સંગાત.
ગર્વ કરીને શીદ મૂર્ખ નર, ચાલે છે ફેલ ફતુર;
જેવું છે ઝાકળનું પાણી એવું છે આ સ્થુળ.
સમજ સમજ મૂર્ખ એ મૂઢ, થઇ જશે એક દિન એ ધુળ. નથી. ૧

સાખી.

જેવો રંગ પતંગનો, એવો આ સંસાર;
સમજો છો સજ્જન સહુ, ઉડતાં થી વાર.
જરા જરા મનમાં વિચાર, ભજીલે હજુ તું તારણુહારા. નથી. ૨

સ્વર્ગી શહેરમાં દેવનો વાસો, શોભા છે ભરપુર;
દાસ કહે છે ઓહી તખ્ત પર, ખ્રીસ્ત રહે છે હજુર.
મારે તેનો છે મોટો આધાર, ઇસુખ્રીસ્ત સ્વર્ગ તણો સરદાર. નથી. ૩

---

(૨૬) સંસારનો મિથ્યા મોહ.

રાગ કાલીંગડાની ગત.

સ્વપ્ન સુખ દુનિયાનું જોઇ, રાજી થઇ શું મોવે છે;
જે ગોવે છે પ્રાણુ ખોવે છે. સ્વપ્ન. ટેક.

નાદે મોહીને નાસે મૃગલાં, એક ને એક સરતે જોવે છે;
જે જોવે છે પ્રાણુ ખોવે છે. સ્વપ્ન. ૧

મરકટ માણુમાં મુઠી વાળી, મદારીને હાથ જાએ છે;
જે જાએ છે પસ્તાએ છે. સ્વપ્ન. ૨

માખી મધને ભેગુ કરી, એક દીન બધું ખોવે છે;
જે ખોએ છે તેઓ રોવે છે. સ્વપ્ન. ૩

પામર જીવને દે એ શીખામણ, જરાય જો એ મન લાગે છે;
લાગે છે કે માર માગે છે. સ્વપ્ન. ૪

ચેત ઝટ નર અચેત અંધા,, અંતે જઇ તું ક્યાં ઠરશે ?
ક્યાં ઠરશે જીવ ક્યાં ઠરશે ! સ્વપ્ન. ૫

[૨૭] બોધ ચેતામણી.

રાગ ગરબી.

(હરિણમાં છે હમણું જંગા એ રાગ).

સાંભળોને શીખામણ મારી, કહુંછુ હું પોકારીરે;
પ્રીત કરી પ્રભુ ઇસુને માનો, નહિ તો જાશો હારી. ચેતો નરનારીરે. ૧

અજ્ઞાન નિદ્રામાં ઉંઘી રહ્યાને, ખેલ્યા બહુ ખુવારીરે;
આયુષ ખાલી ગુમાવી બેઠા, શીગતી થશે તમારી. ચેતો નરનારીરે. ૨

સગાં વ્હાલાં સૌ સુખનાં બેલી, ભેગાં મળીયાં તમારાંરે;
મિથ્યા સુખને મોહી રહીશું, કહોછો મારાં મારાં. ચેતો નરનારીરે. ૩

સત ધર્મની વાત ન સુણીને, ઇસુથી અવળા ફરીયારે;
ભક્તિ સભામાં કદી ન બેઠા, દુરીજનમાં જઇ ભળીયા. ચેતો નરનારીરે. ૪

જઇ પાખંડ મંત્ર તંત્રમાં, સાધના કરવા સુરારે;
જીવન દાતાની ભક્તિ ન કીધી, પ્રેતવાતોમાં પુરા. ચેતો નરનારીરે. ૫

ચેતી લ્યો આ અવસર સારો, ફરી ફરી નહી આવેરે;
આ જગમાં પ્રભુ ઇસુ વિનાતો, કોઇ કદી નહી તારે. ચેતો નરનારીરે. ૬

[૨૮] વિશ્વાસથી બનેલાં કામ.

વિશેષક છંદ.

હરખ થકી વિશ્વાસ કરી, શુભ આસ કરો,
શાસ્ત્ર તપાસીને જોઇ જરા, મન હામ ધરો;
વિશ્વાસથી હાબેલે જુઓને, શુભ યજ્ઞ કીધો,
દેવે તેને બહુ પ્રેમ કરી, આશીર્વાદ દીધો. ૧

વિશ્વાસથી વળી હનોખને, દેવ લેઇ ગયો,
દાસપર દયા બહુ કરી, એ પ્રસન્ન થયો;
વિશ્વાસથી નુહે વ્હાણનેતો, ભરી બંધ કીધુ,
દેવનું વચન તરત જ, તેણે માની લીધુ. ૨

વિશ્વાસથી ઇબ્રાહીમ જવા, આજ્ઞાધીન રહ્યો,
દેવની નજરમાં બહુજ, એતો માન્ય થયો;
વિશ્વાસથી લાલ સમુદ્રમાં, થઇ પાર ગયા;
મિશરીયો ગુંગળાઈ મરી, ત્યાં અટકી રહ્યા. ૩

વિશ્વાસથી સૌનાં કામ ઘણાં, પ્રભુ દેવે કીધાં,
ગીદીયોન બારાકે જઇને રાજ્ય જીતી લીધાં;
થિર થઇને વિશ્વાસુ રહી, મન ધીર ધરે;
તો પ્રભુ દેવય હોવા નક્કી, તેનું કામ કરે. ૪

---

[૨૯] મુક્તિના વ્યર્થ ઉપાયો.

(ખલક સબરે નક્ક સ્વપ્ના એ રાગ).

માનમાન મૂઢ જીવ મારૂં અંતે તો બગડશે તારૂં. ટેક.
જગ સબ સ્વપ્ન વત દીશે, માને તૂં શું જડને ઇશે. માન. ૧
મલિન થયાં અંતઃકરણ ભારી, મુકયો કર્ત્તારને વિસારી. માન. ૨
હજારો તિર્થ ફરી આવે, તેથી તારા દુર્ગુણ નહી જાવ. માન. ૩
જપ તપ જોગ કરે સમાધી, મીટે નહી અંતરની વ્યાધી. માન. ૪
છોડી અન્ન પાન ફલ ખાવે, તો પણ મુક્તિ નહી પાવે. માન. ૫

એમે મીલે નહિ કદી પરમેશ, દેહીદમે ઉપજે કલેશ. માન. ૬
ધર્મ વિના મુક્તિ નવ પાવે, સમજ્યા બીના કષ્ટ શું ઉઠાવે. માન. ૭

---

[૩૦] જેના ઇશ્વર બેલી.

રાગ કાફી હોળી.

શત્રુ નડીને શું કરશેરે, જેના ઇશ્વર બેલી,

ખરા સંતો કેમ ડરશેરે, સાચી ભક્તિ લીધેલી. ટેક.

શાદ્રાખ મેશાખ અબેદનગોને નડીયા, અગ્નિની ભઠ્ઠી તપેલીરે જેના. ૧
દાનિયેલને સિંહોના બીલે પુરી, ઉપર સલ્લા તો મુકેલીરે ! જેના. ૨
પેરિત યોહાનને ડોમીશન નડીયો, તેલ કઢાઇ ઉકળેલીરે ! જેના. ૩
પાઉલ સીલાસ કેદખાનામાં પુરી, બેડીયો જુઓ પેરેલીરે ! જેના. ૪
ખ્રીસ્તના સબને સાચવવા માટે, ઉપર ચોકીઓ મૂકેલીરે ! જેના. ૫
દાસ કહેછે પ્રભુની દયાથી; આનંદની હાલ હેલીરે. જેના. ૬

---

[૩૧] પ્રાર્થના સ્તુતિ.

ચરણાકુલ હિંદી રાગ.

હુંતો પ્રભુજી દાસ તમારો,
દયા કરી પ્રભુ મજને તારો;
વ્હેલા કૃપા દૃષ્ટિ કર જ્યોજી.
ઓ પ્રભુ અર્જ ઉરલે જ્યોજી, જીવનનું દાન દે જ્યોજી ટેક. ૧

હું તો દોષીત સૌ વાતે ભારી,
સર્વ ગુના પ્રભુ દેજો નીવારી;
આપ શરણુમાં લેશોજી. ઓ પ્રભુ. ૨

જુઠ ઠગાઈ કપટને કહાડી,
નવો જન્મ પ્રભુ મજને પમાડી;
સુમતિ સારી દેજોજી. ઓ પ્રભુ. ૩

---

[૩૨] ખ્રીસ્તને ભજો.

રાગ બાણુઝારો.

ખ્રીસ્ત ભજને પામર પ્રાણી, આવો અવસર લેને જાણી. ટેક.

તું તો ઈસુથી અવળો ચાલ્યો, ભક્તિ વિના ભવમાં શું મ્હાલ્યો;
મણી મુકી પથ્થર તેં ઝાલ્યો, ખ્રીસ્ત ભજને. ૧

આયુષ જાય છે વ્હેતે પુરે, ખળ બુદ્ધિ કર વ્હેલો દુરે;
ચેત ચેત મૂર્ખ ઓ મૂઢરે, ખ્રીસ્ત ભજને. ૨

ઈસુ શરણે આનંદ હેલી, એને માન તું મ્રજાદ મેલી;
તારા અંતનો સાચો એ બેલી, ખ્રીસ્ત ભજને. ૩

કોઈ નથી જગતમાં તારૂં, મિથ્યા માની બેઠો શું તૂમારૂં;
ઉડી જશે દેવતામાં દારૂં, ખ્રીસ્ત ભજને. ૪

ખેદ થઈ શું કહુંરે હાવે, ફરી નહી મળે આવો દાવે;
ઝટ રટ ઈસુને તું ભાવે, ખ્રીસ્ત ભજને. ૫

---

[૩૩] સાચો ગુરૂ ઇસુ.

ઝુલના વૃત પ્રભાતિયું.

છે અખીલ વિશ્વ તણો એક સત્ય ગુરૂ, એને ભજવા થકી મુક્તિ મળશે. ટેક.

અગણિત વર્ષથી જગત ભુલમાં પડયું, મોકલ્યો ખ્રીસ્તને બોધ દેવા;
અંશ પ્રભુ દેવનો આવીયો જગમાંહે, પોતાના લોકને એતોલેવા. છે. ૧

આ ઇસુ ગુરૂને જગત માને નહી, સ્વર્ગના સુખને ક્યાંથી પાવે;
હડકાયા શ્વાનની પેઠ ભમતા ફરે, ઢોંગ પાખંડ બહુ લોકને ભાવે. છે. ૨

વાંઝણી નાર જે ભોગ ઘણા કરે, પ્રશવન થાય એમ પુત્ર કેરા;
ખ્રીસ્ત માન્યાવિના ક્રિયા બમણી કરે, કેમ કરી થાએ મુક્તિ ભેળો. છે. ૩

અનેકને દૂર કરી એક પકડી રહો, પતિવ્રતા જેમ પતિનેજ પાળે;
તેહના ભોગને કંથ પુરા કરી, જેજે માગે એતો ઝટ આલે. છે. ૪

[૩૪) તારણ દાતા ઇસુ.

રાગ ગરબી.

(છબી ખુબ સારી બહુ પ્યારી તારી એ રાગ).

તારણ દાતા છે વિખ્યાતા, પ્રભુ ઇસુ જગત્રાતારે. ટેક.

ભવસિંધુથી ડુબતાં બચાવી, સ્વદેશ એ લેઈ જાતારે તારણ. ૧

આપે સુબુદ્ધિ કબુધીને કહાડી, આત્મિક ધન ઓળખાતારે. તારણ. ૨

ધન્ય ભાગ્ય એ ખ્રીસ્તને સેવે, મૂર્ખ ફરેમંદ માતારે. તારણ. ૩

ખ્રીસ્ત ઈસુ છે મુક્તિ દાતા, એના ગુણ નથી ગાતારે. તારણ. ૪

ઇસુથી વિમુખ થઇને ફરે એ, નર્ક અગ્નિમાં જાતારે. તારણ. ૫

(૩૫) ઇશ્વરી સહાય.

ભજન રાગ.

તુરે તારા દાસની વારે, આવે ચઢી વહેલો;

ના જોશો ગુના પ્રભુ, મારારે વ્હાલા તુરે તારા. ટેક.

શાદ્રાખ, મેશાખ, અબેદ નગોને ઉગાર્યા ! હાં, હાં, હાં;
બળતી ભઠ્ઠીમાં બચાવ્યારે વ્હાલા, તુરે તારા. ૧

દાનિયેલને તમે સિંહના બીલમાં ઉગાર્યો ! હાં, હાં, હાં;
શત્રુને ખાધા સિંહે ફાડીરે વ્હાલા. તુરે તારા. ૨

પ્રેરિત યોહાનની તેલ કઢાહ શીતળ કીધી ! હાં, હાં, હાં;
પાઉલ સીલાસનાં બંધન તોડયાંરે વ્હાલા ! તુરે તારા. ૩

શાઉલના હાથથી દાઉદ રાજાને બચાવ્યો ! હાં, હાં, હાં;
તારી ગતિ છે પ્રભુ ન્યારીરે વ્હાલા. તુરે તારા. ૪

પુણ્ય નથી પ્રભુ મારી કંઈ પાસે, હાં, હાં, હાં;
દોષીત છું સૌ વાતેરે વ્હાલા. તુરે તારા. ૫

નિર્બળ જનની પ્રભુવારે વ્હેલા આવો, હાં, હાં, હાં;
શેતાન દુશ્મનથી બચાઓરે વ્હાલા. તુરે તારા. ૬

(૩૬) ઇસુના જન્મની ઘેટાં પાળકને ખબર.

(ક્યાંથી આ સંભળાય મધુર સુર એ રાગ.)

આજે આનંદ અપાર મુજને, આજે આનંદ અપાર. ટેક.

દેવ કૃપાથી ઇસુ જગમાં આવ્યા, યુસફ કેરે દ્વાર મુજને. આજે. ૧

ભરવાડ લોકો ઘેટાંને ચારે છે. દાઉદ નગરની બ્હાર મુજને. આજે. ૨

પ્રભુનો ગૌરવ ઓચીંતો ચમક્યો, ભય પામ્યા ભરવાડ મુજને. આજે. ૩
દુત વધામણી આવીને કહે છે, જનમ્યો તારણહાર મુજને.આજે. ૪
આકાશી સેના ભેગી મળીને, કરે ગાયન તે ઠાર મુજને. આજે. ૫
પરમ ઊંચામાં દેવને મહિમા, પ્રથવી પર શાંતિ અથાગ મુજને.આજે. ૬
પાપી લોકના તારણ કાજે, ધર્યો ઇસુએ અવતાર મુજને. આજે. ૭
ચાલોને જઇએ પાયે પડીએ, ઇસુને જય જય કાર મુજને.આજે. ૮

(૩૭) નાતાલ.

(નાશ નાશરે થયો પ્રલય પ્રતાપથી એરાગ)

આજ આજરે નાતાલનો દિન આવ્યો;
ખ્રીસ્ત સ્વર્ગ ભુવનથી પધાર્યોરે, આજ. ટેક-

તારો દેખાયો પૂર્વ ભણી; માગી લોકોને આશા ઘણીરે આજ૦ ૧
જ્ઞાની લોકો વિચાર કરેછે; તારા પાછળ પગલાં ભરેછેરે. આજ૦ ૨
આવ્યા યરૂશાલેમની ભણી; શોધ કરે છે ઇસુતણીરે. આજ૦ ૩
સુણી ગભરાયો હેરોદ રાયે એના મનમાં ચિંતા બહુ થાયેરે. આજ૦ ૪
તેડયા યાજેકોને નીજ ધામ, ખ્રીસ્ત જન્મશે કયે ઠામરે. આજ૦ ૫
યહુદા દેશના બેથલેહેમ ગામે; જઇ જુઓને તેણે ઠામેરે. આજ૦ ૬
પુછે માગીઓને હેરોદ રાયે; તારો દેખાયો કઇ વેળાએરે. આજ૦ ૭
બધી ખબર ચોકસાઇથી લીધી; મારે ભજવાની છે બહુ પ્રીતીરે આજ. ૮
માગી થયા ત્યાંથી વિદાએ, તારો થંભ્યો બાળક જગ્યાએરે. આજ. ૯
અર્પ્યાં બોર લોબાન લાગ્યા પાએ; મુખે જય જય કારથી ગાએરે આજ. ૧૦
ધન્ય ભાગ્ય અમારાં આજે; તમે મળ્યા ઇસુ મહારાજેરે. આજ. ૧૧
બીજે પંથે જઈ થયા વિદાએ; હેરાદ રાયેને લાગી લાએરે. આજ. ૧૨

(૩૮) ઇસુપર પ્રીતકરો.

રાગ બિહાગ.

પ્રીતજે ઇસુખ્રીસ્તપર કરે. ભલા ભવમાં ભટકી નવમરે;
સેજે સંસાર સમુદ્ર તરે ટેક;

અન્ય ભાવના મૂકી દેઇને, એક નિશ્ચે જે કરે:
જેમ નટતો ખેલ કરતાં, સુરત દોરમાં ધરે. પ્રીત જે૦ ૧

દેવની આજ્ઞા લોપે નહિને, શિરસાટે સેવા કરે;
કોટીક વીઘ્ન સહન કરીને, ખ્રીસ્ત પાછળ સંચરે, પ્રીત જે૦ ૨

ખ્રીસ્ત વિના મુક્તિ નવ પામે, અનેક ઉપાયો કરે;
જગત ધંદામાં ભટકી ભટકીને, આખર પસ્તાઇ મરે. પ્રીત જે૦ ૩

જે કોઈ આવી ઇસુને ચરણે, પાપનો પસ્તાવો કરે;
ઇસુખ્રીસ્તની કૃપા થકીતો, તારણ મુક્તિ મળે. પ્રીત જે૦ ૪

શાણા નરતો માની લેશે, મૂઢ મનમાં નહી ધરે;
સેતાની કામોમાં મચ્યો રહીને, નર્ક ખાઇમાં જઈ પડે. પ્રીત જે૦ ૫

(૩૯) પ્રભુના હુકમ પાળો.

ચઢતા ઉતરતી ચોપાઇનો રાગ.

પ્રભુના હુકમ પાળોરે, હે જગ લોકો;
નીતિને પંથે ચાલોરે, હે જગ લોકો. ટેક.

(૧) એક દેવને સત્ય કરી સર્વે માનો, અન્યદેવ નવ જાણોરે. હે જગ. ૧
(૨) મૂર્તિની પૂજા કરો જરૂર તમે દુર, અંતે પડશે મુખે ધુળરે. હે જગ. ૨

(૩) દેવનું નામ વૃથા લેવાનું ભાઇ તજો,અદબથી પ્રભુ ભજોરે.હે જગ. ૩
(૪) સાબ્બાથ દિનપવિત્રરીતે સર્વે પાળો,કામકાજ નવઝાલોરે.હેજગ. ૪
(૫) માબાપોનું જરૂર સનમાન કરવું, બને તેમ ઠારી ઠરવુંરે. હે જગ. ૫
(૬) મનુષ્યને કદી તમારે ના હણવું, પાપ મોટું એ ગણવુંરે. હે જગ. ૬
(૭) વ્યભીચારને સમજી શાણાનર ત્યાગો, ભુંડા બોલથી રહે આગોરે. ૭
(૮) આઠમી આજ્ઞા ચોરી કદી નવ કરો, બિક ઇશ્વરની ધરોરે. હે જગ. ૮
(૯) ખોટી સાક્ષીઓ પુરવા કોઇ નવ ચાલો, એવાં કામો ધિક્કારોરે. હે.૯
(૧૦) લોભ કરીને બીજાની વસ્તુ નાલેવી,જડેતો પાછી દેવીરે.હેજગ. ૧૦
પ્રીતિમાંતો સર્વે જુઓ સમાઇ રહેછે, સારાંશમાં એમ કહેછેરે.હેજગ.૧૧

---

(૪૦) ઇસુની મધુર વાણી.

૧૦ સ્વરો.

સુણો ઇસુની વાણી જે મધુર,
પાપીને બોલાવે થઇ આતુર
આવો પસ્તાવો કરી લ્યો તમો,
દેવ બાપની આગળ આવીને નમો. ૧

માનવ કાજે સ્વર્ગથી એ આવ્યો,
તારણનો ઉપાય શીઘ્ર કરી લાવ્યો;
રાજાનો રાજા દીન થઇને રહ્યો,
પાપીઓનો દંડ પોતે તો સહ્યો. ૨

નિરદોષીત એ દોષીત ઠર્યો,
કાંટાનો મુગટ માથે તો ધર્યો;
દુઃખ સહીને સ્થંભે એ મર્યો,
પાપીને કાજે જીવને તો હણ્યો. ૩

૪૧ સૌને દુઃખની લાય.

રાગ ચાબખો.

(પ્રાણીયા ભજીલેને કીરતાર એ રાગ)

લાગી દુઃખની સૌને લાય, સંતોષ વિનાતો સુખ નહી થાય. ટેક.
ગાદીપતિ કહે સુખ નથી મને, ફિકર અહોનિશ થાય,
દગો કરી રખે મારીને મારૂં, રાજ્ય કદી લઇ જાય. લાગી. ૧
કુળવંત કહે દુઃખ ઘણું છે, દેવાની મહી તો ડુલ્યા;
આવડી દીકરીઓની લાયથીતો, ભક્તિ પ્રભુની ભુલ્યા. લાગી. ૨
ઓછા કુળના કહે દુઃખ ઘણું અમે, વાંઢા રહ્યા કુંવારા,
શીદ સરજાવ્યા અમોને પ્રભુ, રંગ ભોગથી ન્યારા. લાગી. ૩
પુત્ર વિનાની મનમાં મુઝાય છે, માથે રહ્યું છે મારે મેણું;
વાંઝીઆના મુખને જોવું નહી, એવું જગતમાં કહેવાણુ. લાગી. ૪
પુત્રવંતિ કહે દુઃખ ઘણું છે, છકેલ નીવડયા છૈયા;
દુઃખ વેઠી વેઠી મોટા કર્યા પણ, કહ્યામાં જરા ના રહ્યા. લાગી. ૫
વિધવા નારીતો બહુ પસ્તાય છે, પતિ વિના પ્રભુ કીધી;
ધિક્કાર પડયો મુજ જીંદગીમાં, વ્હેલી ખોળી શે ન લીધી.લાગી. ૬
પતિવાળી કહે સુખ નથી જરા, દુઃખ કોને કહેવાયે;
ધણી પીટયો નિત્ય પજવે છે, વગર વાંકે મરાયે. લાગી. ૭

ધનવંતને તો જંપ નથી જરા, ધાંખના ધનની થાએ;
તૃષ્ણાનો તર્ષો થઇને ફરે એ, સુખે બેશી નહી ખાએ. લાગી. ૮
નીરધનીઆતો દુઃખી થાએ છે, ન ખાધુ ગળ્યું કે મીઠું;
ભીખ માગતાં જન્મ ગયો પણ, સુખ સ્વપ્ને નવ દીઠું. લાગી. ૯
સુખીઆ કોક સંત સંતોષી, જેણે આત્મિકપણું લીધું,
શાંતિ આનંદ ને સંતોષ રાખીને, વ્રત વિવેકનું કીધુ. લાગી. ૧૦

(૪૨) કેફનું પરીણામ.

રાગ ગરબી.

માનો માનો વ્યસન કેફનું ખોટું, આવે કોક દિન દુઃખ મોટુ. માનો.ટેક.
પીતા જે જન દારૂ અને તાડી, તેમને કીધા પદવીથી ઉતારી. માનો. ૧
અફીણ ખાઈ થાય છે લોક ખુશી, જુઓ તેમને ચોખા કર્યા લુંછી.માનો. ૨
પીવે ઘણા ગાંજો ભાંગ ઘુંટી, તમાકુ તો કોક વીરલે મૂકી. માનો. ૩
વ્યસનો તો ચોરી કરાવે છે, શાંણા નર મૂકી ધિક્કારે છે. માનો. ૪
ખરૂં વ્યસન અન્ન પાણી જાણો, એને ખાઈ મોજમજા માણો.માનો. ૫

૪૩ હું ખરો દ્રાક્ષવેલો છું.

રાગ માઢ.

(સદોમ ગમોરા સોનાના દોરા મોતીના તોરા એ રાગ.)

ખરો દ્રાક્ષ હું વેલો, જીવન કેરો, જોડાને ભેળો, આવતું વ્હેલોરે. ટેક
જીવન વૃક્ષનો વેલો હું છુ, માળી છે મારો બાપ;
ફળ વિનાની ડાળીઓ ખોળી, મુકેછે એતો કાપ. ખરો૦ ૧

હરેક ડાળીજે ફળ આપે છે, એવીઓ શુદ્ધ કરાય
ફળ વિનાની જૂદી કહાડીને, બળતી ભઠ્ઠીમાં નંખાય. ખરે૦ ૨

વેલામાં જે ડાળી જોડાઇ રહેતે, રસથી લીલી થાય
વેલો તજી જો જૂદી પડેતો, સુકઇ વ્હેલી જાય. ખરે૦ ૩

મજમાં જે કોઇ ટકી રહીને માની લેશે આસાંન;
તેનાથી મારો બાપ અતિશે, થશે મહિમા વાંન. ખરે૦ ૪

---

(૪૪) ઇસુ ગુરૂતારણ હાર.

(મજ પાપના ડાગ ધોસે કોણ એ રાગ)

મજ મનને શુદ્ધ કરશે કોણ? ઇસુ ગુરૂ તારણ હારો
ભાર કલંકનો ખોશે એજ, ઇસુ ગુરૂ તારણ હારો. ૧

છે વકીલ એ ખરો, દેવ બાપ આગળ ખડો;
એનો વિશ્વાસ કરો, ઇસુ ગુરૂ તારણ હારો. ટેક-

પાપનો બોજો એ લેનાર, ઇસુ ગુરૂ તારણ હારો;
સુખ શાંતિનો તે દેનાર, ઇસુ ગુરૂ તારણ હારો. ૨

પૂર્ણ પ્રીતિનો ભંડાર, ઇસુ ગુરૂ તારણ હારો;
એ છે મારો મદદગાર, ઇસુ ગુરૂ તારણ હારો; ૩

મજને ખંડીએ લેનાર, ઇસુ ગુરૂ તારણ હારો;
જીવન દાનનો તે દેનાર, ઇસુ ગુરૂ તારણ હારો. ૪

દાસને દિલાસો દેનાર, ઇસુ ગુરૂ તારણ હારો;
એ છે સૌનો વચ્ચે વાળ, ઇસુ ગુરૂ તારણ હારો. ૫

(૪૫) જીવને બોધ.

રાગ જંગલાનો઼ ઢાળ.

રહેવું નથી પલ ઘડી ખલકમાં, રહેવું નથી પલ ઘડી;
આ તન ધુળ થશે હાલ ઘડી, ખલકમાં રહેવું નથી પલ ઘડી. ટેક.
મારૂં તારૂં જીવ મનથી મેલીને, હામ બેઠો નહી હરી;
એક દિન એવો આવશે તે, કાયા મઢી જશે પડી. આ તન. ૧
ધન દોલત જીવ સાથે ન આવે, રહેશે જમીન પર પડી;
કર્યાં ગુના ભોગવતી વેળાએ, મારની પડશે જડી. આ તન. ૨
પાપી જગનું કલંક ટાળવા, ખ્રીસ્ત મુઓ સ્થંભ ચઢી;
તેનો જો અંગીકાર કરે તો, શાંતિ થાય સદા તણી.. આ તન. ૩
સારાં કામનું માન લેવા જીવ, કહેતો ઉંચે તું ચઢી;
ભુંડાં કૃત્યને છુપાઇ દે છે પણ, હિશાબ લેશે તારો છડી. આ તન. ૪
દેશ ઇશુનો છે સુખવાશી, ત્યાં દુઃખ નથી જરી;
ખાવન ખુદ ત્યાં આપે બિરાજે, આનંદની સદા ઘડી. આ તન. ૫

(૪૬) જગતપતિને ભજો.

રાગ ધુન ગજલ.

જગતપતિને ભજો ભાવે, ફરી નહિ આવે આવો દાવે. જગત. ટેક.
દેવ સકળ જગતમાં છે વ્યાપી, એને ભજતાં શું થાય છે પાપી;
કંઇક જનનાં દુઃખ દીધાં કાપી. જગતપતિને. ૧
સૌલોક આવો એની પાસે, ખરી ભક્તિ કરોને વિશ્વાસે;
બીજા કોઇની નહી રાખો આશે. જગતપતિને. ૨

એક પ્રભુ વિના સૌછે થોથાં, ગોતિ જુઓ સર્વે પોથાં;
શું મારો છો ભવમાં ગોથાં. જગતપતિને. ૩

અમૂલ્ય અવસર તમે ખોવો છો, જગના સુખને શીદ મોવો છો;
પ્રભુ ભજતાં પાછું શું જોવો છો. જગતપતિને. ૪

નિજ કર્તા તજી જે ભટકે છે, અધર એવા જન લટકે છે;
અંતે શિર બહુ પટકે છે. જગતપતિને. ૫

---

(૪૭) અજ્ઞાન નિદ્રામાં શું સુઈ રહ્યો.

રાગ પરજ.

મારૂં માની મકલાય છે રે, થયો પોતે હેરાનરે;
દુઃખને દરિયે જઈ ચડયો, હાંરે ભુલ્યો તું તારૂં ભાનરે. ૧

અજ્ઞાન નિદ્રામાં શું સુઇ રહ્યો. ટેક.

સુત વિત મંદિર સુંદરીરે, છોડી સગાંનો સાથરે;
અંતે જવું પ્રાણી એકલું, હાંરે સાચી માનજે આ વાતરે. અજ્ઞાન.૨

કાયાનો કુંભ ઘડયો કાચનોરે, એને ભાગતાં શી વારરે;
પાછળ પસ્તાશે તું પ્રાણીઆ, હાંરે તારે મન તું વિચારરે. અજ્ઞાન. ૩

જેવું ઝાકરનું નીર છે રે, એવું દિશે આ સ્થુળરે;
માટે માની લે સતબોધને, હાંરે આવ ઈશુની હજુરરે. અજ્ઞાન. ૪

ખ્રીસ્તને શરણે આવતાંરે, તને આવે છે શર્મરે;
જીવન દાતા ન સુજે સુરતે, હાંરે તારાં ચક્ષુ છે ચર્મરે. અજ્ઞાન. ૫

---

(૪૮) દેશી મહીના.

રાગ ગરબી ત્રણ તાળની.

કાર્તકે કુકર્મ ગયાં મારાં નાશી; મળ્યા ગુરૂ મને સદા સુખવાશી. ૧
માગશરે મર્મ જડ્યો મને મોટો; જગતનો ફંદ લાગે સર્વે ખોટો. ૨
પોષે તો દોષે દુર્ગુણ થયા દુરે; પ્રભુના ચરણમાં રહીસ હજુરે. ૩
માએ તો મન મારૂ બહુ ઇચ્છે, આત્મિક વસ્તુ કહો પ્રભુ શી છે. ૪
ફાગણે ફંદ તોડો જગ નાથે, હેત કરી મારો ઝાલોને હાથે. ૫
ચૈતરે ચિત મારૂં બહુ ચળકે; પ્રીતથી પ્રભુને મળવાને પલકે. ૬
વૈશાખે વીસરી ગયો જંજાળે, પ્રભુ વિના સૌ આળ પંપાળે. ૭
જેઠે તો શેઠ મળ્યા ગુણકારી; મુજની ઉપર જોયું નિહાળી. ૮
અસાડે અમ્રિત રસ પીધો, સત શાસ્ત્રજ તણો બોધજ લીધો. ૯
શ્રાવણે સરભર તો બહુ ભાસે; દાસની પુરી કરો પ્રભુ આસે. ૧૦
ભાદરવામાં તો ભરપુર ભરીયો; પવિત્ર આત્મા ખચિત મને મળીયો. ૧૧
આસોમાં વાસો કર્યો મારે વાલે, ભવસિંધુમાંથી ઉતાર્યો પારે. ૧૨

---

(૪૯) લગ્ન પ્રસંગને માટે.

રાગ ધોળ.

આજે આજે આનંદનો દિન આવ્યોરે, પ્રભુ દેવે લગ્ન સંબંધને જોડાયોરે ટેક.
વરકન્યા તો મનમાં બહુ હરખાયરે, સાહેલીઓ ગીત મંગળ ત્યાં ગાયરે. આજે. ૧
પહેલી વાત હળીમળી સદા રહેજોરે, જેવુંહોયતેવું હમણાંતમેકહેજોરે. આજે. ૨
બીજીવાતદુ:ખસુખમાંભાગલેજોરે, હમેશલડાઇઝગડાથીદુરતમોરહેજોરે. આજે. ૩

ત્રીજી વાત વચન વિચારીને આપોરે; બન્ને વચ્ચે દેવને શાક્ષીમાંરાખોરે. આજે. ૪
ચોથીવાતમરણસુધીબંધઈચાલોરે, સભામધેસહીહમણાંબન્નેઆલોરે. આજે. ૫
પ્રભુ આશીશ વરકન્યાને બહુઆપોરે, અંતસુધી ખ્રીસ્તમાં એ મને રાખોરે. આજે. ૬

(૫૦) પ્રભુ આગળ વિનંતી.

રાગ મહિદીપ વૃત.

સકળ વિશ્વના પતિ તું, દાસપર દયાકરી;
બચાવ શત્રુ શેતાનથી, આસ તારી મેં ધરી. સકળ. ૧

માંડે છે એ જાળ જુઓ, મોહ માયા મમતા તણી;
ફસાવવાને કાજે સર્વને કરે છે યુકિત ઘણી. સકળ. ૨

ચાડીઓ ચંડાળ થઇ કરે, આવાં પાછાં ઘણાં;
મિત્ર સગાંની માંય બી, વાવેએ કુસુંપ તણાં. સકળ. ૩

ભુલાવે છે ભાન વારંવાર, એ જુલમ કરી;
કરે છે નફ્ટ કપટ નર્કમાં, નાંખવા વળી. સકળ. ૪

દાસ કરે વિનંતી આપની, ઉપર નીઘા કરી;
મારજો તમ માર એને, જાય જગેથી મરી. સકળ. ૫

(૫૧) ઠગ ભકતો વિષે.

રાગ કાફી.

(નામ જેણે જાણ્યુંરે એતો વેદ કયારે ભણ્યો એ રાગ.)

ઠગ જેવા ધુતારે ભગત જગતમાં થઇને ફરે;
મર્મ ભેદ નવ પાયોરે, વથા ઉપાદી કરીને મરે. ટેક.

ગોપીચંદ માટી અંગે ગશી બગધાન ધરે બહુ લોક;
પાડાને રોગને પખાલે ડામ દે, તેથી નહી જાય એનો રોગ;
ફોગ સૌ જાણોરે, કાચા વેશ તું શીદને ધરે. ઠગ જેવા. ૧

ગાવામાં ગાજે ઘણો, જેમ બોલે પોપટ બોલ,
રહેણી કહેણીમાં ના રહ્યો બન્યો પ્રભુનો ચોર;
બોલ બોલે ખાલીરે, કહીને પોત્યે નવ એ કરે. ઠગ જેવા. ૨

તપ ધાન તું શું ધરે, બ્યર્થ એ પાખંડ,
કરવાનું કરતો નથી, દેશે પ્રભુ તને દંડ;
જંદતારા જોયારે વરતી ખાવાનું શું તું કરે. ઠગ જેવા. ૩

અગમ તપાસી ચાલજે ને કરજે મન વિચાર,
જગ તારકને શરણે આવે તો વ્હેલા આવે પાર;
વાર શીદ કરેરે મરણ શિર ઉપર ભમે. ઠગ જેવા. ૪

---

(૫૨) ઢોંગીઓના ઢોંગ.

રાગ છપ્પો.

ઢોંગી જગતમાં લોક ફરે છે માગી ખાવા,
ટીલાં ટપકાં રાખ ચોળી બને છે બાવા;
ધનને સારૂ ઢોંગ કરી દેહીને દમે.
એવા ધુતારા લોક ખલકમાં ઘણા ભમે;
પેટ સ્વાર્થ કારણે શોધ્યું નહિ સ્વર્ગી સુખને.
એવા જનને શું કહું પડયાં પેંજાર એ મુખને. ૧

---

(૫૩) મુકિતના વ્યર્થ ઉપાયો.

રાગ છપ્પો.

કરે કોઇ તપ તિર્થ કે વ્રત એથી મુકિત નહી પાવે,
જેમ છે પૂર્વમાં દ્વાર ભૂલી પશ્ચિમે ધાવે;
ધરે દીવા કરે ધુપ જાણે પ્રભુ કંઇ રીજે,
ને એવા મૂર્ખના ઢોંગ જોઈ અતિશે ખીજે,
ખરૂ ખોટુ સમજ્યા વિના દેખા દેખી જે કરે;
એવા દૈયાફુટ તો નર્ક અગ્નિમાં જઈ પડે. ૨

---

(૫૪) મુકિતનો ખરો ઉપાય.

રાગ છપ્પો.

પ્રાર્થના સ્તુતિ ભાઇ સર્વેથી સમજો મોટી,
કોઇ ના દમશો દેહ ન કરશો કષ્ટ કશોટી,
પ્રાર્થના દ્વારે અર્જ કરી દેવ પાસે માગો,
ને ઇસુખ્રીસ્તનીપર ખરો વિશ્વાસજ રાખો.
તસ્તી ન લેશો તન વિષે એક ખ્રીસ્ત ઇસુને માનજો,
દાસ ઇસુનો એમ કહે સ્વર્ગી સુખને ખોળજો. ૩

---

(૫૫) પ્રભુ રટવાને.

(લાલ વારે આઓતો વ્હેલા આવજો એ રાગ)

પ્રભુ રટવાને પ્રીતિ વધારીએજો, ભકિત સભામાં વ્હેલા પધારીએજો. પ્રભુ
ઘણો આનંદ આણી અંગમાંજો, ખ્રીસ્ત ભજીએ સંતોના સંગમાંજો. ૧

વિશ્વાસ રાખીને ખ્રીસ્તને ભજીએજો, ચોરી જારી ચાડીને તજીએજો. ૨
કોઇની નિંદા કદી નવ કીજીએજો, દેવની ભકિત કરતાં નવ બિજીએજો. ૩
જુઠ અદેખાઇ મનમાં નવરાખીએજો, મુખે ખોટા શબ્દો નવભાખીએજો. ૪
ચરણ ગ્રહીએ હમેશાં ખ્રીસ્તનોજો, બે ભાગે અર્થ સરે અંતનોજો. ૫

---

(૫૬) ઇસુ વિના કોણ તારે.

(પરમેશ્વર પત રાખજો મારી એ રાગ)

ઇસુ વિના કોણ તારે ખલકમાં, ઇસુ વિના કોણ તારેરે. ટેક.
સંસાર સાગર ખુબ જળ ભરીયો, એનો પાર ન આવેરે;
અનેક જાતના મહિ મોજા આવતા, ઘણા નર ગોથાં ખાવેરે. ઇસુ ૧
મોહા મોટા મગર મચ્છ રહે છે, સિંહ જેવા અપારરે;
ખ્રીસ્ત નાવમાં જે કોઇ બેશે, તે જન ઉતરે પારરે. ઇસુ. ૨
જેને કૃપા છે જગદિશની, ઇસુ શરણે એ આવેરે,
પ્રભુ ઇસુને માની તેતો, સ્વદેશની ગમ જાવેરે. ઇસુ. ૩
ખરા સંતતો દુઃખ સહીને, ખ્રીસ્ત નાવમાં ટકશેરે;
કાર્ય જનતો પાછા વળીને, અંતસમે ભટકશેરે. ઇસુ. ૪

---

(૫૭) ઇશ્વરને અરજી.

(આવવાને દે આજે એ રાગ.)

વ્હેલો વારે આય ઇસુ, વ્હેલો વારે આય;
મજ અધમને દયા કરી, ડુબતાં બચાય. ટેક.

મનનું મંદિર કરી, કરૂ પ્રેમની શેજ,
આપ આવીને વાસો કરો, દાસ ઇચ્છે એજ. વ્હેલો. ૧

વસંત ૠતુમાં જેમ, ખીલે ફુલ વંન;
એવી રીતે તમ પ્રકાશે, શોભે મારૂં તંન. વ્હેલો. ૨

આજની વિનંતિ, પ્રભુ ઉરમાં તું ધર;
નવો જન્મ મારો કરી, પવિત્રાઇથી ભર. વ્હેલો. ૨

મેઘની ગ્રજનાથી જેમ, ટવકી રહે મોર;
એવી રીતે પ્રાર્થના દ્વારે, બોલુ નિત્ય બોલ. વ્હેલો. ૪

---

(૫૮) હડીયો કહાડયે પ્રભુ નહી મળે.

(સુખે સુતો શું માનવી એ રાગ.)

હડીયો કહાડયે પ્રભુ નહી મળે, ભૂલી ભમે શું ભાન;
મુક્તિનો દ્વાર છે વેગળો. ટેક.

તિર્થ કરવા જાય ગંડાઓ, બગલાં ધરે છે ધાન. મુક્તિનો. ૧

જડને પૂજવા સૌ શું ફરો, ચિત્રેલો તો ના દશે નાગ. મુક્તિનો. ૨

ભગવાં કરવાથી નહીં વળે, વાદી લે છે સન્યાસ. મુક્તિનો. ૩

હલવાન ઉંન મુડાવે તંનનું, શ્વાન તો વેણી ખાય ઘેર ઘેર. મુક્તિનો. ૪

દંડવ્રત કરતા સર્પ ફરે, મરઘડાં જાગે ચાર પહોર. મુક્તિનો. ૫

વ્હેલો જા શરણ ખ્રીસ્તને, ભવમાં શીદને કુટાય. મુક્તિનો. ૬

---

(૫૯) ગમ બિન ભુલતા.

રાગ છંદ રેકતો.

ગમ બિન ભુલતા અધર એ ઝુલતા, ફુલતા ખુબ જગત ફંદ ભાળી,
જુઠ પાખંડ કપટને વ્હોરતા, દેવને ખાતે હિસાબ ખાલી.
માન વડાઇના મયડમાં ચાલતા, લાજતારે ખ્રીસ્તી રીત ભાળી,
ઇસુ દાસ કહે ચેતઅચેત ઓ મૂરખા, અંતે ખરાબી થશેજ તારી.

---

(૬૦) મજને ઇસુ તારો.

(ચાલો સાહેલી એ ઢબ.)

વારે દયા સાગર ઇસુ, આવો પ્રભુ આવો;
આવો દયા લાઓ, લાઓ પ્રભુ લાઓ. વારે. ટેક.

જગત સંબંધ છોડી, પ્રીતિ તમો સાથે જોડી;
પ્રભુ ઇસુ લાગે મજને, વ્યાલો ઘણો વ્હાલો. વારે. ૧

વતન ધામ ગામ તજી, તમોને લેવાને ભજી;
લીધી છે ફકીરી મેંતો, બની તારો બાઓ. વારે. ૨

સુણોને વિનંતિ છેલી, આપ વિના નથી બેલી;
માટે કૃપાનિધિ મજને, તારો જરૂર તારો. વારે. ૩

---

(૬૧) ઇસુના નામને ભજુછુ.

ઇસુના નામને ભજુછુ, એ મારો છે ધણી,
મજ પાપીપર મજ પાપીપર પ્રીતિ કીધી ઘણી;
દાસની અરજ સુણીને, જોયું મારી ભણી. ૧

હું માનુછુ, હું જાણુંછુ, ઇસુ મુઓ મજ કાજ;
મહાન પ્રીતિ કરીને, છોડયું આકાશી રાજ. ટેક.

દેવ છતાં મનુષ્ય થઇ, આવ્યો અમારી પાસ,
અધમની વારે ધઇ, અધમની વારે ધઇ, થઇ રહ્યો સૌનો દાસ;
પાપીનો જામીન થઇને, વેઠયો અતિશે ત્રાસ. ૨

મરણને એ જીતીને, પછી ગયો આકાશ;
જગતના અંતે આવશે, જગતના અંતે આવશે, દૂતોની સેનાસાથ;
પોતાના લોકને ખોળીને, બોલાવશે એની પાસ. ૩

---

(૬૨) લગુ મતિ મારી.

રાગ ટોટક કુંડળીયો.

સકળ સૃષ્ટિ રચનાર એક સર્વેનો સ્વામી,
માહા ગતિ આધાદ કશી મુકી નથી ખામી,
ગુણ એના શું વર્ણવું લગુ મતિ મારી,
લગુ મતિ મારી તારી ગતિ પ્રભુ ન્યારી;
મુજ રાંકની થકી કહેવાય નહી વિસ્તારી.

સમાપ્ત.